દાખલ કર્યા તારીખ : ૨૧/૧૦/૨૦૨૪
રજીસ્ટર કર્યા તારીખ : ૨૧/૧૦/૨૦૨૪
ફેંસલ કર્યા તારીખ : ૦૬/૦૭/૨૦૨૬
સમયગાળો : વર્ષ, માસ, દિવસ
૦૧ ૦૮ ૧૫

---

# જુનાગઢના મહે.ત્રીજા એડી. સિનીયર સીવીલ જજ સાહેબની કોર્ટ, કેમ્પ એટ માંગરોળ, મુ.માંગરોળ.

---

**રેગ્યુલર દિવાની મુકદમાં નંબર : ૮૫/૨૦૨૪**

**આંક :**

**વાદી :–** નાયબ ઈજનેર શ્રી,
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
ગ્રામ્ય સબ ડીવીઝન કચેરી નં.–૨,
મુ.–કેશોદ, જી.જુનાગઢ

**–:: વિ રુ દ્ધ ::–**

**પ્રતિવાદી :–** અશોકભાઈ ઉકાભાઈ કાથડ,
ઉ.વ.આ.–૪૫, ધર્મે–હિન્દુ, ધંધો–મજુરી,
મુ.કંકાણા, તા.માંગરોળ.

---

વાદી તરફે : વિ.વ.શ્રી એચ.ડી.દેવાણી.
પ્રતિવાદી તરફે : એક તરફી

---

**દાવો : વીજળી અધિનિયમ–૨૦૦૩ ની કલમ–૧૫૪/૫ મુજબ વીજ ચોરી બીલની કુલ રકમ રૂા.૯,૬૪૦–૫૬/– પ્રતિવાદી પાસેથી વસૂલ મળવા અંગે.**

**–:: ઠ રા વ ::–**

**૧.** આ કામના વાદીએ હાલનો દાવો કરી પ્રતિવાદી પાસેથી વિજવપરાશના બાકી લેણા વ્યાજ સાથે વસુલ મેળવવા માંગણી કરેલી છે. જેની ટુંકમા હકીકત નીચે મુજબ છે.

૨. વાદીનુ કથન એવુ છે કે, આ કામના વાદી પી.જી.વી.સી.એલ. કાયદા અન્વયે પ્રસ્થાપિત થયેલ સંસ્થા છે અને તે ઔદ્યોગિક અને ખેતી વિષયક અને ઘરવપરાશ માટે તથા વ્યાપારીક હેતુ માટે શહેરો અને ગામડાઓમાં સ્ટ્રીટ લાઈટ તથા પાણી પુરવઠા વપરાશ માટે વીજળી પુરવઠો પૂરો પાડવાનું કામ કરે છે અને તેનુ વડુ મથક વડોદરા મુકામે આવેલ છે. વહીવટી સરળતા ખાતર વાદીને જુદા જુદા સર્કલમાં વહેંચવામાં આવેલ છે અને તેની નીચે ડીવીઝન અને સબ ડીવીઝન એ રીતે વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે અને તેને અનુરુપ કેશોદ સબ ડીવીઝન કચેરી ગ્રામ્ય–૨ તે આ પ્રકારનું વાદીનું સબ ડીવીઝન છે અને જેની કચેરી કેશોદ મુકામે આવેલી છે અને સદર ડીવીઝનમાં વાદી નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવે છે અને તે રુએ પ્રતિવાદી સામે હાલનો દાવો લાવેલ છે. વાદી વધુમાં જણાવે છે કે, આ કામનાં પ્રતિવાદી વાદી કંપનીનાં કાયદેસર કે ગેરકાયદેસર વીજ વપરાશ બદલ ગ્રાહક પ્રતિવાદી વાદી કંપનીને સમયમર્યાદામાં બીલની રકમ ભરપાઈ કરવા જવાબદાર છે અને આ રકમ નિયત સમયમર્યાદામાં ભરપાઈ ન થાય તો વાદી કંપની પ્રતિવાદી પાસેથી ડીલે પેમેન્ટ ચાર્જનાં માસિક ૧૬% લેખે મેળવવા હકકદાર છે અને વીજળી અધિનિયમની કલમ–૫૬ મુજબ ડીસ કનેકશન કરવા હકકદાર છે. વાદી વધુમાં જણાવે છે કે, પ્રતિવાદીને તા.૨૯–૭–૨૦૨૨ નાં રોજ વાદી કંપનીના ચેકીંગ અધિકારીઓ દવારા પ્રતિવાદીને ત્યાં ચેકીંગ કરતાં પ્રતિવાદી જાતે હાજર હોવાનું અને પોતે મકાન માલિક અને વીજ વપરાશકર્તા હોવાનું જણાવે છે અને સ્થાનિકે હાલમાં વીજ વપરાશ ચાલુ છે, પરંતુ વાદી કંપનીનુ અધિકૃત વીજળી મીટર આવેલ નથી અને તેઓ હાલ પ્રતિવાદીનાં ઘરની બાજુમાં આવેલ વાદી કંપનીની એલ.ટી. લાઈનના હળવા દબાણનાં થાંભલા પરથી પીળા રંગનાં ટવીન કોર વાયર ૮ મીટર લંબાઈની મદદથી ડાયરેકટ ફેઈઝ તથા ન્યુટ્રલમાં બિનઅધિકૃત રીતે વીજ જોડાણ કરી રહેણાંક હેતુ માટે ડાયરેકટ વીજ વપરાશ કરતા માલુમ પડેલ છે જે પ્રતિવાદીએ સ્વીકારેલ છે. જેથી ડાયરેકટ જોડાયેલ વાયર જમા લઈ પાવર સપ્લાય બંધ કરેલ છે, તેમજ સીંગલ ફેઈઝ મીટર ચેકીંગ રીપોર્ટ ડી.આર.જે. ૦૪૫૭૩, તા.૨૯–૭–૨૦૨૨ મુજબ કાર્યવાહી કરેલ છે અને સ્થળ અંગે રફ સ્કેચ દોરેલ છે તે સ્થળ રોજકામ સામેલ છે. વાદી વધુમાં જણાવે છે કે, ઉપરોકત ચેકીંગ બાદ વાદી કંપની તરફથી તા.૨૯–૭–૨૦૨૨ નાં યુ.જી.વી.એન.એલ. પો.સ્ટે. જુનાગઢમાં પ્રતિવાદી વિરુઘ્ધ વીજળી અધિનિયમ–૨૦૦૩ ની કલમ–૧૩૫ હેઠળ વીજ ચોરીની ફરીયાદ આપેલ છે અને સ્થળ ઉપર સ્થળ રોજકામ તથા સીંગલ ફેઈઝ ચેકીંગ રીપોર્ટ તથા કબજે લીધેલ વાયરનું એનેક્ષર–૪ તેમજ જમા ગેટપાસ તૈયાર કરવામાં આવેલ. વાદી વધુમાં જણાવે છે કે, વાદી કંપનીએ પ્રતિવાદીને રુા.૬,૩૧૬/–નું તા.૨૯–૦૭–૨૦૨૨ નું પાવર ચોરીનુ બીલ તથા રુા.૧,૦૦૦/–કમ્પાઉન્ડીંગ ચાર્જ જરુરી ફોરવર્ડીંગ લેટર સાથે પ્રતિવાદીને મોકલી આપેલ, પરંતુ તેઓ તરફથી કોઈ રકમ પાવર ચોરી બીલની ચૂકવવાની

વ્યવસ્થા ન થતાં છેલ્લે વાદી કંપનીએ પ્રતિવાદીને તેમના વકીલશ્રી મારફતે રજી.પો.એ.ડી.થી તા.૦૮–૦૭–૨૦૨૪ નાં લિગલ નોટીસ પણ મોકલેલ છે અને તે પ્રતિવાદીને મળી ગયેલ છે, પરંતુ પ્રતિવાદીએ તે મુજબની કોઈ રકમ ચૂકવેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. જેથી નાછુટકે હાલનો દાવો લાવવાની ફરજ પડેલ છે. આ કામના વાદીનાં પ્રતિવાદી પાસે પાવર ચોરીના પુરવણી બીલની રકમ રુા.૬,૩૧૬/– તથા જુલાઈ–૨૦૨૨ થી ઓગષ્ટ–૨૦૨૪ સુધીનાં ડી.પી.સી.નાં રુા.૨,૩૨૪.૫૬ તથા લિગલ નોટીસ ચાર્જનાં રુા.૧,૦૦૦/–મળી કુલ રુા.૯,૬૪૦.૫૬ પૈસા પાવર ચોરીના બીલની લેણી રકમ થાય છે. જે રકમ પ્રતિવાદીએ ભરપાઈ કરેલ ન હોય હાલનો દાવો લાવેલ છે અને દાવો લાવી ઉપરોકત રકમ રુા.૯,૬૪૦.૫૬ પૈસા પ્રતિવાદીની હરેક પ્રકારની સ્થાવર, જંગમ તથા જાત મિલકત ઉપરથી વસુલ અપાવવા વાદી કંપનીના લાભમાં હુકમ કરવા તથા વાર્ષિક ૧૬% લેખે ડી.પી.સી.ની રકમ સપ્ટે. ૨૦૨૪ થી વસુલ મળતા સુધી પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા તથા દાવાનો ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા તથા અન્ય મળી શકતી તમામ દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

**૩.** વાદી તરફે વિધ્વાન વકીલશ્રી એચ.ડી. દેવાણી હાજર થયેલા છે. પ્રતિવાદીને બેલીફ મારફત નોટીસ બજેલી છે, પરંતુ પ્રતિવાદીને પુરતી તક આપવા છતા હાજર નહી રહેતા પ્રતિવાદી વિરુધ્ધ દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**૪.** વાદી તરફે આંક–૧૨ થી સરતપાસનું સોગંદનામુ રજુ થયેલ છે તથા નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧. | ૧૪ | પરફોર્મા નં.૧૨ |
| ૨. | ૧૫ | પ્રતિવાદીનાં દાવાની હીસ્ટરી. |
| ૩. | ૧૬ | ડી.પી.સી.નું કેલ્યુલેશન સીટ |
| ૪. | ૧૭ | ગુજરાત સરકારશ્રીનું વ્યાજ દર અંગેનું ગેઝેટની ખરીનકલ. |
| ૫. | ૧૮ | પ્રતિવાદીનાં મીટરનો સીંગલ ફેઈઝ મીટર ચકાસણી રીપોર્ટની ખરીનકલ. |
| ૬. | ૧૯ | સ્થળના રોજકામની ખરીનકલ. |
| ૭. | ૨૦ | એનેક્ષર–૪ ની ખરીનકલ. |
| ૮. | ૨૧ | સર્વિસ વાયર જમા કર્યાના ગેટપાસની ખરીનકલ |

| | | |
|---|---|---|
| ૯. | ૨૨ | પાવર ચોરીના પુરવણી બીલની સ્થળપ્રત. |
| ૧૦. | ૨૩ | પ્રતિવાદીને આપેલ કમ્પાઉન્ડીંગ ચાર્જનાં બીલની સ્થળપ્રત |
| ૧૧. | ૨૪ | પ્રતિવાદીને મોકલાવેલ ફોરવર્ડીંગ પત્રની સ્થળપ્રત. |
| ૧૨. | ૨૫ | પ્રતિવાદી વિરુધ્ધની લેખિત ફરીયાદ ની સ્થળપ્રત |
| ૧૩. | ૨૬ | એનેક્ષર–સી ની સ્થળપ્રત |
| ૧૪ | ૨૭ | પ્રતિવાદીને વાદી કંપનીએ મોકલેલ કાનુની નોટીસની સ્થળપ્રત. |
| ૧૫ | ૨૮ | લિગલ નોટીસની રજી.એ.ડી.ની વીન્ડો સ્લીપ |
| ૧૬ | ૨૯ | નોટીસ મળી ગયા અંગેનાં ઓનલાઈન સ્ટેટસ. |
| ૧૭ | ૩૦ | વાદી કંપનીના પ્રતિવાદીનાં નોન કન્ઝયુમર એકાઉન્ટનો લેઝર કોપીનો ઉતારો. |

**૫.** વાદી તરફે આંક–૩૧ થી તેમનો પુરાવો પુરો થયાનુ જાહેર થયેલ છે. પ્રતિવાદી તરફે કોઈ પુરાવા રજુ થયેલ નથી.

**૬.** વાદી તરફે વિધ્વાન વકીલશ્રી એચ.ડી. દેવાણીને સાંભળેલ છે. તેઓએ દાવા અરજી મુજબની દલીલો કરેલ હોય જેથી તેનુ પુનરાવર્તન કરવામા આવતુ નથી. જયારે પ્રતિવાદી તરફે દલીલો માટે કોઈ હાજર રહેલ નથી.

**૭.** આ કામે આંક–૭ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલા છે.

૧. શું વાદી કંપની પુરવાર કરે છે કે, આ કામે પ્રતિવાદી વાદી કંપનીનનાં કાયદેસરનાં ગ્રાહક ન હોવા છતાં વાદી કંપનીનો વીજ વપરાશ કરતાં પાવર ચોરી કરી ગેરરીતિ કરી ગેરકાયદેસર વીજ વપરાશ કરેલ છે ?

૨. શું વાદી પુરવાર કરે છે કે, તે પ્રતિવાદી પાસેથી પાવર ચોરોનું બીલની રકમ રૂા.૬,૩૧૬–૦૦ તથા ડી.પી.સી ચાર્જ રૂા.૨,૩૨૪–૫૬ પૈસા તથા તેમજ નોટીસ ખર્ચના રુા.૧,૦૦૦/– કુલ રકમ રૂા.૯,૬૪૦–૫૬ પૈસા લેણી રકમ કાયદેસર રીતે મેળવવા હકકદાર છે ?

૩. શું વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૪. શું હુકમ અને હુકમનામું ?

**૮.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો હવે પછી જણાવેલા કારણોને લક્ષમા લેતા નીચે મુજબ છે.

૧. હકારમા

૨. અંશત: હકારમાં

૩. અંશત: હકારમાં, (૬ % ના દરે)

૪. આખરી હુકમ મુજબ.

**-:નિર્ણય ના કારણો:-**

**મુદ્દા નં. ૧ થી ૪**

૯. ઉપરોકત મુદ્દાઓ પરસ્પર એક બીજાની સાથે સંકળાયેલા હોય, પુરાવાનું બીનજરુરી પુનરાવર્તન અટકાવવાના આશયથી તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવાનું ન્યાયોચીત જણાતા, તે રીતે તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામા આવે છે.

**૧૦.** આ કામે પ્રતિવાદીને આ કોર્ટ દવારા નોટીસ મોકલવામા આવેલ છે. તે નોટીસ પ્રતિવાદી ને મળવા છતાં અને પુરતો અને વ્યાજબી સમય આપવા છતા પ્રતિવાદી તર્ફે વાદીની દાવા અરજીનો કોઈ લેખિત જવાબ રજુ થયેલ નથી. આ કામના પ્રતિવાદી દવારા વાદી તર્ફે રજુ થયેલ મૌખિક પુરાવાની ઉલટ તપાસ થયેલ નથી. તે ઉપરાંત પ્રતિવાદીએ વાદીના પુરાવા વિરુધ્ધ કોઈ પુરાવો પણ રજુ કરેલ નથી. તેથી આ સંજોગો જોતા પ્રતિવાદી દવારા કોઈ લેખિત જવાબ રજુ નહી કરી વાદીના દાવા અરજીની હકીકતોનો ઈન્કાર થયેલ નથી તેમજ વાદીના સોગંદ ઉપરના પુરાવાને ઉલટ તપાસ દવારા પ્રતિવાદી એ પડકારેલ નથી કે વાદીના સોગંદ ઉપરના પુરાવા અને દસ્તાવેજી પુરાવા વિરુધ્ધ કોઈ પુરાવા રજુ કરેલ નથી. તેથી આ કામે વાદીની દાવા અરજીની હકીકતો અને વાદીનો પુરાવો બિન પડકારાયેલ રહેલ હોય વાદીની દાવા અરજીની હકીકતોને નહી માનવા કોઈ કારણ નથી.

**૧૧.** આ કામમા વાદી તરફે રજૂ કરવામા આવેલ દસ્તાવેજી પુરાવો જોવામા આવે તો ચેકીંગ રીપોર્ટ રજૂ કરવામા આવેલ છે. આ અને બીજા દસ્તાવેજો વાદી તરફે તેમના અધિકારીઓ ધ્વારા તૈયાર કરવામા આવેલા હોય, કંપનીના અધિકારીઓને પ્રતિવાદીની સાથે વૈમનસ્ય હોય તેવી લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર લાવવામા આવેલ ના હોય ત્યારે વાદીની હકીકતો ના માનવા કોઈ કારણ નથી. ઉપરોકત દસ્તાવેજો તૈયાર કરવામા આવ્યા બાદ કેલ્ક્યુલેશન શીટ તૈયાર કરવામા આવેલી હોય, તેમજ સક્ષમ સત્તાધીશ ધ્વારા તે અંગેની મંજૂરી પણ આપવામા આવેલી હોય, ત્યારે તેવા દસ્તાવેજોને ડેપ્યુટી એન્જીનીયર કક્ષાની વ્યકિત ધ્વારા જયારે પ્રમાણીત કરવામા આવેલ હોય તેમજ

તેવા દસ્તાવેજો કંપની દ્વારા પોતાના બાય લોઝને આધીન તૈયાર કરવામા આવતા હોય તે ધંધાના સામાન્ય ક્રમમા લખવામા આવતા હોય પુરાવાના કાયદાની કલમ–૩૪ અને ૩૫ ની જોગવાઈઓને લક્ષમા લેતા તેવી નોંધોને ના માનવા કોઈ કારણ નથી. તેમજ લેજર માહેંની નોંધો જાહેર ફરજ બજાવતી વ્યકિત દ્વારા જાહેર રેકર્ડમા કરવામા આવેલી હોય ત્યારે જાહેર નોકરની હેસીયતથી પોતાની અધિકૃત્ત ફરજના ભાગરૂપે કરવામા આવેલી નોંધ હોય તેને કયાંય પડકારવામા આવેલી ના હોય તેથી તેને પણ ના માનવા કોઈ કારણ નથી.

**૧૨.** આ કામમા વાદી તરફે પ્રતિવાદીને આપવામા આવેલી લીગલ નોટિસ જોવામા આવે તો તે પ્રતિવાદીને ઉદ્દેશીને લખવામા આવેલી છે જેમા પ્રતિવાદી પોતાના ગ્રાહક ના હોવાનું જણાવી, પાવર ચોરી સબબનું બીલ ભરપાઈ કરવાની તાકીદ કરવામા આવેલ છે. આ સંજોગોમા દાવો કરતા પહેલા રકમ બાબતેની નોટિસ પણ આપવામા આવેલ છે, આવી નોટિસ પણ પુરાવાના કાયદાની કલમ–૩૫ મુજબ જાહેર નોકર તરીકેની ફરજ બજાવતા આપવામા આવેલી હોય, તેવી નોટિસ વિદ્યૂત કંપનીના નિયમો મુજબની હોય જેથી તે માહેંની હકીકતોને ના માનવા કોઈ કારણ નથી. આ કામમા વાદી તરફે રજૂ કરવામા આવેલો પુરાવો જોવામા આવે તો વાદી દ્વારા એવી હકીકત પુરવાર કરવામા આવેલ છે કે પ્રતિવાદી દ્વારા ગેરરીતી આચરવામા આવેલ છે. આ કામમાં ચેકીંગ રીપોર્ટ લક્ષમાં લેવામા આવે તો તેમા પ્રતિવાદી પાવરચોરી કરતા હોવાનું માલુમ પડેલ તે હકીકતો જણાવવામા આવેલ છે. આમ, વાદી સાહેદની જુબાની અને જુબાનીના સમર્થનમા રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે વાદીનો દાવો સાબિત થાય છે.

**૧૩.** વધુમા આ કામમા વાદી તરફે ડી.પી. સી. મેળવવા હકદાર હોવાનું જણાવેલ છે. દાવા અરજીમા પણ તે અંગેના મજકૂરો દર્શાવેલા છે, પરંતુ પ્રતિવાદી, વાદીના ગ્રાહક ન હોય, પ્રતિવાદી અને વાદી વચ્ચે કોઈ પણ જાતનો કરાર હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવતી ના હોય, દાવા અરજી તથા રજૂ કરવામા આવેલ સોગંદનામા ઉપરના પુરાવામા પણ વાદી દ્વારા પ્રતિવાદીને પુરવણી બીલ આપવાની તથા વાદી કઈ રીતે ડીલે પેમેન્ટ ચાર્જીસ વસુલ મેળવવા માટે હકકદાર છે તે અંગેની કોઈ જ હકીકત જણાવવામા આવેલ નથી. આવા સંજોગોમા ડી.પી.સી.ની રકમ રૂ.૨,૩૨૪–૫૬ પૈસા મેળવવા માટે વાદી હકકદાર હોય તેવી હકીકત સ્વીકારી શકાય તેમ નથી. વાદી તરફે તેઓ કઈ રીતે પ્રતિવાદી પાસેથી ડી.પી.સી. ની રકમ વસુલ મેળવવા હકકદાર છે તે અંગેની લેશમાત્ર હકીકતો જણાવવામા આવેલી ના હોય, મારા મત અનુસાર વાદી ઉપરોકત રકમ વસુલ મેળવવા માટે હકકદાર બનતા નથી,

જયારે વાદી નોટીસ ખર્ચના રુપિયા મેળવવા હકકદાર થતા હોય વાદી દાવાવાળી રકમ રૂા.૯,૬૪૦–૫૬ પૈસા પૈકી ડી.પી.સી.ની રકમ રૂા.૨,૩૨૪–૫૬ પૈસા બાદ થતા રૂા.૭,૩૧૬–૦૦ પૈસા વસુલ મેળવવા હકકદાર હોવાનું ઉચીત જણાતુ હોય **મુદ્દા નં. ૧** નો નિર્ણય **હકારમાં** તથા **મુદ્દા નં. ૨** નો નિર્ણય **અંશતઃ હકારમાં** આપવામા આવે છે.

**૧૪.** આ કામમા વાદીએ દલીલો દરમિયાન વ્યાજની હકીકત સંબંધે જે હકીકતો જણાવેલ છે તે જોવામા આવે તો વાદી તરફે એવી માગણી કરવામા આવેલ છે કે વાદીએ માનવાલાયક અને પુરતો પુરાવો રજૂ કરીને વાદીનો દાવો સાબિત કરેલ હોય, વાદી દાવાના કામે જયારે સફળ જાય તેમ હોય ત્યારે વાદીને માાગણી મુજબનું વ્યાજ પણ અપાવવું જોઈએ. વાદીની હકીકતો પરત્વે જોવામા આવે તો વાદી એક કાનુની સ્વાયત્ત કંપની હોય, વાદી કંપનીને વીજ વાયરો લગાડવા, થાંભલાઓ નાંખવા, વીજ વહન કરવા તેમ જ પોતાના કંપનીનો વહીવટ ચલાવવા માટે અન્ય નાણાંકીય સંસ્થાઓની પાસેથી વ્યાજે નાણા લાવવા પડતા હોય છે અને જો કોઈ વ્યકિત ગ્રાહક કારણો વગર કંપનીની રકમ રોકી રાખે તો કંપનીને વધારે વ્યાજનો બોજો સહન કરવો પડે તેવા સંજોગો હોય તેથી વાદી કંપનીને તેઓ દાવાના કામે સફળ થયેલા હોય, વ્યાજની રકમ અપાવવી જોઈએ તેમ માનું છુ. આ કામે વાદી ધ્વારા વાર્ષિક ૧૬% મુજબના વ્યાજની માગણી કરેલ છે. પરંતુ વાદી ધ્વારા પ્રતિવાદીએ તેઓને વાર્ષિક ૧૬% મુજબ વ્યાજ આપવાનું છે તેવો કરાર પ્રતિવાદીએ કરી આપેલ છે તેવી કોઈ જ હકીકતો જણાવેલ ના હોય અને વાદીના રજુ થયેલ પુરાવામા પણ કઈ રીતે વાર્ષિક ૧૬% મુજબનુ વ્યાજ મેળવવા હકકદાર છે તેવી હકીકત પુરવાર કરેલ ના હોય તેમજ વાદીની માંગણી મુજબ વ્યાજ મંજુર કરવુ વ્યાજબી અને યોગ્ય ન હોય ત્યારે વ્યાજનાં દર અંગે ચર્ચા કરતાં જોઈએ તો **દિવાની કાર્યરીતિ સહિતા, ૧૯૦૮ ની કલમ–૩૪** તથા પ્રવર્તમાન બેંકીંગ ધારા ધોરણોને અનુલક્ષીને ચર્ચા કરતાં અને હાલના દાવાના સંજોગો અને હકીકત લક્ષમા લેતા વાદીને દાવો દાખલ થયા તારીખથી આખરી હુકમમા જણાવેલ રકમ વસુલ થતા સુધી વાર્ષીક ૬ ટકા ના વ્યાજના દર મુજબ વ્યાજ અપાવવુ વ્યાજબી અને યોગ્ય જણાય છે. વધુમા હાલના કામે વાદી દાવામા સફળ રહેલ હોય સફળ પક્ષકારને ખર્ચ અપાવવુ પણ **દિવાની કાર્યરીતિ સહિતા, ૧૯૦૮ ની કલમ–૩૫** મુજબ કાયદાનો સીધ્ધાંત હોય હાલના કામે વાદીને થયેલ આ દાવાનો ખર્ચ પ્રતિવાદીએ વસુલ આપવાનો હુકમ કરવો યોગ્ય જણાતુ હોય **મુદ્દા નં. ૩** નો નિર્ણય **અંશતઃ હકારમા** આપવામાં આવે છે.

**૧૫.** ઉપરોકત મુદ્દા અંગેના મારા નિર્ણયોને લક્ષમા લેતા, વાદી દાવાની હકીકતો પુરવાર કરવામા સફળ થયેલા હોય, વાદી પ્રતિવાદીની પાસેથી રૂા.૯,૬૪૦–૫૬ પૈસા પૈકી ડી.પી.સી.ની રકમ રૂા.૨,૩૨૪–૫૬ પૈસા બાદ થતા રૂા.૭,૩૧૬–૦૦ પૈસા વાર્ષીક ૬% ના વ્યાજ સાથે વસુલ મેળવવા હકદાર બનતા હોય જેથી મુદ્દા નં.૩ નો ર્નિણય અંશત: હકારમાં આપવામાં આવેલ હોય **મુદ્દા નં.૪** અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## // <u>હુ ક મ</u> //

૧. વાદીનો દાવો **અંશત : મંજુર** કરવામાં આવે છે.

૨. વાદી દાવાવાળી રકમ પૈકી રૂા.૭,૩૧૬–૦૦ પૈસા (અંકે રૂપીયા સાત હજાર ત્રણસો સોળ) દાવો દાખલ થયા તારીખથી વસુલ થતા સુધી વાર્ષિક ૬% ના વ્યાજ સહીત થતી તમામ રકમ પ્રતિવાદી પાસેથી પ્રતિવાદીની દરેક પ્રકારની સ્થાવર જંગમ મિલ્કત તથા જાતથી વસુલ મેળવવા હકકદાર હોવાનુ ઠરાવવામાં આવે છે.

૩. વાદીના દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીએ વાદીને ચૂકવવો.

૪. હુકમ મુજબ હુકમનામુ દોરવું.

સદરહું ચુકાદો આજ તારીખ: ૬ઠ્ઠી માહે: જુલાઈ સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : માંગરોળ.**
**તારીખ: ૦૬–૦૭–૨૦૨૬.**

**(એફ.એફ. બારડોલીવાલા)**
**ત્રીજા એડિશ્નલ સિનિયર સિવિલ જજ,**
**જૂનાગઢ કેમ્પ એટ માંગરોળ.**
**મુ.માંગરોળ.**
**(GJ-01286)**